# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૬ તા.૭-૨-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ૧૦ મી ફેબ્રુઆરી-૨૦૧૮ના રોજ નેશનલ ડી વોર્મિંગ ડે (NDD) ઉજવવા બાબત.**
**સંદર્ભ :- ક્રમાંક પ્રાશિનિ/સંકલન/કૃમિનાશક/૨૦૧૮/૯૮૦-૧૦૩૫ પ્રા.શિ.નિયામકશ્રીની કચેરીનો તા.૬-૨-૧૮નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, આયર્ન બાળકોના માનસિક અને શારીરિક વિકાસ માટે ખુબ જ અગત્યનું સુક્ષ્મ પોષક તત્ત્વ છે. વધુમાં બાળકોને કૃમિનો ચેપ લાગે તો શરીરમાં આયર્નની ઉણપ(પાંડુરોગ) થાય છે. તેથી જો બાળકને કૃમિનાશક દવા આપવામાં આવે તો બાળકોમાં પાંડુરોગનું પ્રમાણ ઘટાડી શકાય અને બાળકોની જીવનધોરણની ગુણવત્તામાં વધારો થઈ શકે છે.

ઉપરોકત બાબત ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા દર વર્ષે બે વાર કૃમિનાશક દવા આપવામાં આવે છે. આ માટે દર વર્ષે નેશનલ વોર્મિંગ ડે (NDD) દ્વારા ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને સામુહિક રીતે કૃમિનાશક ગોળી આપવામાં આવે છે.આ વર્ષે પણ તા.૧૦-૨-૧૮ના રોજ નેશનલ ડી વોર્મિંગ ડે અને તા.૧૫-૨-૧૮ના રોજ મોપ-અપ રાઉન્ડનું આયોજન કરેલ છે. જે અંતર્ગત દરેક અર્બન હેલ્થ સેન્ટરના કાર્યક્ષેત્રમાં આવતી તમામ કોર્પોરેશન સંચાલિત શાળાઓનાં જે તે વોર્ડના અર્બન હેલ્થ સેન્ટર ખાતે ફરજ બજાવતા રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમના મેડિકલ ઓફિસર સહિતના સ્ટાફ દ્વારા દરેક શાળા દીઠ બાળકોની યાદી તૈયાર કરવા માટે આપની શાળામાં મુલાકાતે આવશે તો તેમને જરૂરી સાથ સહકાર આપશો. તેમજ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની હેલ્થ ટીમ દ્વારા જે કામગીરી સોંપવામાં આવે તે સમયમર્યાદામાં જ દવાઓનો ઉપયોગ કરવા વિદ્યાર્થીઓને તેમજ તેમના વાલીઓને જરૂરી માર્ગદર્શન આપશો.

તા.૭-૨-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

નેશનલ ડી વોર્મીંગ ડે (રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ) તેમજ વિટામીન-એ બાય એન્યુઅલ રાઈન્ડ ઉજવવા બાબત.

ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/કૃમિનાશક/૨૦૧૮/૯૪૦-1035
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૦૬/૦૨/૨૦૧૮

વંચાણે લીધાઃ- શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃપીઆરઈ/૧૧૨૦૧૮/૮૪/ક તા.૩૦/૦૧/૨૦૧૮

પરિપત્રઃ-

આયર્ન બાળકોના માનસિક અને શારિરીક વિકાસ માટે ખુબ જ અગત્યનુ પોષકતત્વ છે. બાળકને જો કૃમિનો ચેપ લાગે તો શરીરમાં આયર્નની ઉણપ (પાંડુરોગ) થાય છે. જો બાળકને કૃમિનાશક દવા આપવામાં આવે તો બાળકોમાં પાંડુરોગનુ પ્રમાણ ઘટાડી શકાય અને બાળકની જીવનધોરણની ગુણવત્તામાં વધારો થઈ શકે છે. આ બાબતને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા દર વર્ષે વર્ષમાં બે વાર કૃમિનાશક દવા આપવામાં આવે છે. આ માટે દર વર્ષે "નેશનલ ડી-વોર્મિંગ ડે" દ્વારા ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોમાં સામુહિક રીતે કૃમિનાશક ગોળી આપવામાં આવે છે. ચાલુ વર્ષે તા.૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ "નેશનલ ડી-વોર્મિંગ ડે" અને તા.૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ મોપ-અપ રાઉન્ડનુ આયોજન કરેલ છે. જેમાં આલબેન્ડાઝોલ ગોળી ફક્ત રાષ્ટ્રીય કૃમિનાશક દિવસના રોજ આપવાની રહેશે.

બાળકના માનસિક અને શારીરિક વિકાસ માટે વિટામીન-એ પણ ખુબ જ જરૂરી છે. વિટામીન-એ ની ઉણપથી રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો અને રતાંધણાપણું જેવી બિમારી થાય છે. દર વર્ષે ૧ થી ૫ વર્ષ સુધીના બાળકોને "બાય એન્યુઅલ રાઉન્ડ" અંતર્ગત વિટામીન-એ ના બે થી નવ ડોઝ આપવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૮ નો રાઉન્ડ તા.૧ ફેબ્રુઆરી, ૨૦૧૮ થી ૩૧ માર્ચ, ૨૦૧૮ સુધી કરવાનો રહેશે. વિટામીન-એ "બાય એન્યુઅલ રાઉન્ડ"ની અને "નેશનલ ડી-વોર્મિંગ ડે રાઉન્ડ"ની સુદ્રઢ અમલવારી આપની કક્ષાએથી થાય તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

<u>"નેશનલ ડી-વોર્મિંગ ડે" ની ઉજવણીમાં નીચેની બાબતોને ધ્યાન રાખવાની રહેશે.</u>

(૧) "નેશનલ ડી-વોર્મિંગ ડે" ઉજવણી બાબતેની માર્ગદર્શિકા આ સાથે સામેલ રાખેલ છે. જે આપના હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓ સુધી પહોંચે તે સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રીએ જોવાનુ રહેશે.

(૨) શાળાકક્ષાએ એક નોડલ શિક્ષકની નિમણુંક કરવાની રહેશે.

(૩) સદર બાબતે પ્રાર્થના સમારંભમાં વિદ્યાર્થીઓને નેશનલ ડી-વોર્મિંગ ડે અંગે જણાવવાનુ રહેશે. જેથી આ બાબતે પ્રચાર-પ્રસાર થાય.

(૪) આલબેન્ડાઝોર ટેબ્લેટ બાળકોને ભુખ્યા પેટે આપવાની રહેતી નથી. જેની ખાસ નોંધ લેવી.

આપના હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓમાં "નેશનલ ડી-વોર્મિંગ ડે" ઉજવણી કરવા માટેની જરૂરી સુચનાઓ આપની કક્ષાએથી આપવાની રહેશે. તથા અહેવાલ તા.૨૦/૦૨/૨૦૧૮ સુધીમાં આ કચેરીને મોકલી આપવાનો રહેશે.

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ

**નકલ સવિનય રવાના:-**

- શ્રી વી. ડી. મકવાણા, સેકશન અધિકારીશ્રી, ક-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

# રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ (NDD) રાઉન્ડ (૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮) ની માર્ગદર્શિકા

## (૧) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ રાઉન્ડ માટેનું આયોજન:

(૧.૧) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ ( ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮) શરૂ કરતા પહેલા, શાળા વાઇઝ, આંગણવાડી વાઇઝ, ગામ વાઈઝ પેટા કેન્દ્ર , પ્રા.આ.કેન્દ્ર, તાલુકા અને જીલ્લા લેવલે તારીજ પ્રમાણે માઈક્રોપ્લાન તૈયાર રાખી આયોજન કરવું.

(૧.૨) ફિમેલ હેલ્થ વર્કરે તેમના વિસ્તારના ૧ થી ૧૯ વર્ષ ના તમામ બાળકોની યાદી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક, આંગણવાડી વર્કર અને આશા ના સહયોગથી બનાવવાની રહેશે. શાળામાં જતા બાળકોની યાદી શિક્ષક સાથે, આંગણવાડી રજીસ્ટર થયેલ બાળકોની યાદી આંગણવાડી કાર્યકર સાથે અને શાળાએ નજતા તથા આંગણવાડીમાં રજીસ્ટર ન હોય એવા બાળકોની યાદી આશા સાથે રહી તૈયાર કરવાની રહેશે. શાળાની યાદી શિક્ષક પાસે આંગણવાડી અને શાળાએ ન જતા તથા આંગણવાડીમાં ન નોંધાયેલા બાળકોની યાદી આંગણવાડી ખાતે રાખવી. જતા અને શાળાએ ન જતા ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકો , આંગણવાડી કેન્દ્રોમાં નોંધાયેલ અને ન નોંધાયેલ ૧ થી ૫ વર્ષના બાળકોને આલબેંન્ડાઝોલ ટેબ્લેટ આપવી.

(૧.૩) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ (૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮) અને ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૮ મોપ અપ રાઉન્ડ દરમ્યાન પ્રા.આ.કેન્દ્ર / તાલુકા / જીલ્લા લેવલ થી સુપરવિઝન અને મોનીટરીંગના પ્લાન બનાવવાનો રહેશે. આ ઉપરાંત શિક્ષણ અને આંગણવાડી વિભાગ સાથે સંકલન કરી દરેક લેવલના સુપરવાઈઝર દવારા સુપરવિઝન અને મોનીટરીંગ પ્લાન બનાવવાનો રહેશે.

## (૨) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ સ્ટોક અને લોજીસ્ટીક:

(૨.૧) વર્ષ ૨૦૧૭–૧૮ રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ રાઉન્ડ દરમ્યાન ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ કરવો અને મોપ અપ રાઉન્ડ ૧૫ ફેબ્રુઆરી ના રોજ કરવો. અને વર્ષ ૨૦૧૭–૧૮ના કાર્યભાર ગણત્રી માટે Census ના ડેટાનો ઉપયોગ કરવો. કાર્યભાર મુજબ આલબેન્ડાઝોલ નો સ્ટોક શાળા અને આંગણવાડી સુધી રાઉન્ડ શરૂ થાય તે પહેલા પહોચાડવાની રહેશે. આપના જીલ્લા/કોર્પોરેશનમાં હાલ ઉપલબ્ધ સ્ટોક ચેક કરી જો વધુ સ્ટોકની જરૂરીયાત હોય તો રાજય કક્ષાએ સત્વરે જાણ કરવી. લક્ષ્યાંકના 10% વધુ ઉમેરી સ્ટોક ગણવો.

(૨.૨) જિલ્લાકક્ષાએ આલબેન્ડાઝોલ 400 mg ના સ્ટોકનું વિતરણ કરતી વખતે નીચે પ્રમાણેની માહિતી જિલ્લાકક્ષાએ રાખવાની રહેશે.

- મેન્યુફેકચર ડેટ
- એક્સપાયરી ડેટ
- બેચ નંબર

(૨.૩) શાળા / આંગણવાડી ને આલબેન્ડાઝોલ 400 mg નો જથ્થો આપતી વખતે નીચે પ્રમાણેની માહિતી પ્રા.આ.કેન્દ્રો ખાતે રાખવાની રહેશે.

- મેન્યુફેકચર ડેટ
- એક્સપાયરી ડેટ
- બેચ નંબર

(૨.૪) સીરપ આલબેન્ડાઝોલ નો ઉપયોગ કરવો નહી.

## (૩) આલબેન્ડાઝોલ ટેબ્લેટ આપવા માટે ઉંમર પ્રમાણેનો ડોઝ:

(૩.૧) ૧ થી ૨ વર્ષની વયના બાળકોને આલબેન્ડાઝોલ 200 mg ( 400 mg ની અડધી ગોળી) આપવાની રહેશે.

(૩.૨) ૨ થી ૧૯ વર્ષની વયના બાળકોને આલબેન્ડાઝોલ 400 mg (સંપુર્ણ ગોળી) આપવાની રહેશે.

(૩.૩) ફક્ત શાળાના શિક્ષક / નોડલ શિક્ષક કે આંગણવાડી કાર્યકર ની હાજરીમાં આલબેન્ડાઝોલ ની ગોળી બાળકોને આપવાની રહેશે.

(૩.૪) બાળકોને ગોળી ચાવવાનું કહેવું અને ચાવ્યા બાદ સ્વચ્છ પાણી આપવું જેથી કરીને ગોળી ગળામાં ફસાઇ ન જાય. આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mg દવા આંગણવાડી કેન્દ્રો ખાતે, શાળાઓમાં શિક્ષકો / હેડમાસ્ટર ની દેખરેખ અને આંગણવાડી કાર્યકરની દેખરેખ હેઠળ જ આપવી.

(૩.૫) બાળક બીમાર હોય તો ગોળી આપવી નહી, બાળકને ચાવ્યા વગર ગોળી ગળવાનું ન કહેવું., ગોળી ઘરે લેવા માટે બાળકને પરવાનગી આપવી નહી.,

## (૪) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ રાઉન્ડ માટેની આ.ઈ.સી:

(૪.૧) ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮ રાઉન્ડ અને ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૮ દરમ્યાન રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ અને મોપ અપ રાઉન્ડ માટે આરોગ્ય શિક્ષણની કામગીરીનુ દરેક લેવલ થી આયોજન કરવાનુ રહેશે.

(૪.૨) ગ્રામ્ય વિસ્તારોમાં આંગણવાડી કેન્દ્રો / શાળા (સબ સેન્ટરો) પર રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ, ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮ અને મોપ અપ રાઉન્ડ ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૮ ને લગતા મુખ્ય સંદેશા ભીંત લખાણો દ્વારા દર્શાવી શકાય. આંગણવાડી કેન્દ્રો અને પેટા કેન્દ્રો પર IEC માટે જિલ્લામાં ઉપલબ્ધ IEC બજેટ (B.10.7.4.7) પણ વાપરી શકે છે. હોર્ડીંગ, રેલી, લઘુ શિબિર, બેનર, પોસ્ટર, નિબંધ સ્પર્ધા, દ્વારા આ.ઈ.સી. કેરી શકાય.

(૪.૩) પ્રોગ્રામ બાબતે લોક જાગૃતિ ફેલાવાના હેતુથી રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮ રાઉન્ડનુ ઉદઘાટન તે વિસ્તારના કોઇ રાજકીય પ્રતિનિધિ / લોક પ્રિય વ્યકિત દ્વારા કરવાનું રહેશે..

## (૫) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ તાલીમ:

(૫.૧) જિલ્લાકક્ષાએ અને કોર્પોરેશન વિસ્તારમા રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ રાઉન્ડ માટેનો વર્કશોપ વિટામિન–એ સાથે કરવાનો રહેશે.

## (૬) આલબેન્ડાઝોલ 400 mg જાળવણી માટે નીચે મુજબની તકેદારી રાખો.

(૬.૧) જરુરીયાત મુજબ બ્લોક હેલ્થ / પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ / શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો ખાતે જરુરીયાત મુજબનો પુરવઠો ચકાસણી કરવી. NDD કીટ આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mg, ટ્રેનિંગ હેન્ડઆઉટ, આઇ.ઇ.સી., રીપોર્ટીંગ ફોર્મ સાથે રાખવું.

(૬.૨) તમામ સ્તરે દવાઓ ઠંડી અને સુકી અને સ્વચ્છ જગ્યાએ રાખવી અને સીધો સુર્ય પ્રકાશ માં ન હોય એ જોવું.

(૬.૩) આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mg ને બાળકોની પહોચની બહાર ઉંદર, ખીશ્કોલી, જેવા પ્રાણી થી દુર રાખો, તડકાથી દૂર, ઠંડકમાં રાખો. (પણ ફ્રિજમાં રાખવી નહી.)

## (૭) Adverse Event Management (AEM)

(૭.૧) ખાસ કરીને બાળકોના આંતરડામાં કૃમિનો ચેપ વધુ હોઇ આ બાબતે કૃપા કરી ભયભીત ન થવું. કેટલાક બાળકોમાં ગીળીના સેવન બાદ ઉબકા, પેટમાં દુખાવો, ઉલટી, ઝાડા અને થાક લાગવો જેવા લક્ષણો ઉભા થઇ શકે. શાળા કે આંગણવાડી ખાતે નોંધાયેલ કોઇપણ ઘટના સમયે વધુ ગભરાવું નહી અને એડવર્સ ઇવેન્ટ મેનેજમેન્ટ પ્રોટોકોલ મુજબ બાળકની સારવાર કરવી.

(૭.૨) આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mg ચાવી શકાય છે. તેમ છતાં જો બાળક ગોળી ગળવામાં ગળાના ભાગમાં ફસાય જાય શ્વાસ લેવામાં બાળકને તકલીફ થાય તો બાળકને તમારા ખોળામાં ઉંધુ રાખી ગોળી બહાર ન નીકળી જાય ત્યાં સુધી પીઠ થબથબાવવી. કોઇપણ તબીબી સહાય માટે ફોન નંબર હેન્ડ આઉટમાં અચુક લખવો.

(૭.૩) ઇમરજેન્સી રીસ્પોન્સ ટીમની રચના કરી તેનું હેન્ડઆઉટ શાળા / આંગણવાડી ખાતે લગાવવી. તથા દરેક સ્ટાફને તેના વિશે માહિતગાર કરવા.

## (૮) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ રાઉન્ડનું રેકોર્ડીંગ અને રીપોર્ટીંગ :

(૮.૧) આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mg આપ્યા પછી રસીકરણ કાર્ડ / રજીસ્ટર માં યાદીમાં એન્ટ્રી કરવાની રહેશે.

(૮.૨) રાજ્યકક્ષાએ રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ (૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮) અને ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૮ મોપ અપ રાઉન્ડનુ મોનીટરીંગનો રીપોર્ટ તેમને આપેલ લીંક દવારા કરવો. તમામ /મેડીકલ ઓફિસરશ્રી ઓફ હેલ્થ, મ્યુનિ.કોર્પોરેશન તમામે જિલ્લા કક્ષાએથી રાજ્યકક્ષાએ માઇક્રો અને મેક્રો ન્યુટ્રીઅન્ટ પ્રોગ્રામ મોનિટરીંગ ટીમ NDD અને મોપ અપ રાઉન્ડનો રીપોર્ટ NDD મોબાઇલ / વેબ એપ્લીકેશન દવારા તાલુકા લેવલેથી કરવાનો રહેશે.

(૮.૩) કોર્પોરેશન વિસ્તારમાં ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮ અને ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૮ મોપ અપ રાઉન્ડની જવાબદારી કોર્પોરેશનના મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ (MOH) અને કોર્પોરેશન પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર (CPC)ની રહેશે. તેઓએ થયેલ કામગીરીનો રીપોર્ટ અત્રેની કચેરીને કરવાનો રહેશે.

(૮.૪) તાલુકા કક્ષાએથી રીપોર્ટ થયા બાદ જીલ્લા કક્ષાએથી રીપોર્ટ એપ્રુવ કરવાનો રહેશે.

## (૯) ASHA ઇન્સેન્ટીવ

(૯.૧) શાળાએ નજતા પોતાના વિસ્તારના ૦ થી ૧૯ વર્ષના તમામ બાળકોને મોબીલાઇઝેશ કરી કૃમિનાશક ગોળી ગળાવવા બદલ રૂા. ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) ASHA દીઠ ખર્ચ કરવાનો રહેશે. (બજેટ લાઇન B.1.1.3.2.7)

# વિટામીન–એ બાય એન્યુઅલ રાઉન્ડ (ફેબ્રુઆરી ૨૦૧૮) ની માર્ગદર્શિકા

## (૧) વિટામીન–એ રાઉન્ડ માટેનું આયોજન:

(૧.૧) વિટામીન–એ (ફેબ્રુઆરી–માર્ચ ૨૦૧૮) રાઉન્ડ શરૂ કરતા પહેલા ગામ વાઈસ પેટા કેન્દ્ર પ્રમાણે માઈક્રોપ્લાન તૈયાર કરવાનો રહેશે.

(૧.૨) ફિમેલ હેલ્થ વર્કર તેમના વિસ્તારના તમામ ૧ થી ૫ વર્ષ ના બાળકોની યાદી આંગણવાડી વર્કરના સહયોગથી બનાવવાની રહેશે. અને તે પ્રમાણે બાળકોને વિટામીન–એ નો ડોઝ આપવાનો રહેશે.

(૧.૩) વિટામીન–એ (ફેબ્રુઆરી–માર્ચ ૨૦૧૮) રાઉન્ડ દરમ્યાન પ્રા.આ.કેન્દ્ર / તાલુકા / જીલ્લા લેવલ થી સુપરવિઝન અને મોનીટરીંગના પ્લાન બનાવવાનોરહેશે.

## (૨) વિટામીન–એ સ્ટોક અને લોજીસ્ટીક:

(૨.૧) વિટામિન એ રાઉન્ડ વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન ફેબ્રુઆરી–માર્ચ થી શરૂ કરવો. અને વર્ષ ૨૦૧૭–૧૮ના કાર્યભાર પ્રમાણે વિટામીન–એ નો સ્ટોક આરોગ્ય કાર્યકર સુધી રાઉન્ડ સારું થાય તે પહેલા પહોચાડવાની રહેશે.

(૨.૨) જિલ્લાકક્ષાએ વિટામીન–એ ના સ્ટોકનું વિતરણ કરતી વખતે નીચે પ્રમાણેની માહિતી જિલ્લાકક્ષાએ રાખવાની રહેશે.

- મેન્યુફેક્ચર ડેટ
- એક્સપાયરી ડેટ
- બેચ નંબર

(૨.૩) પ્રા.આ.કેન્દ્ર કક્ષાએથી પેટા કેન્દ્રને વિટામીન–એ અને આલ્બેન્ડાઝોલનો જથ્થો આપતી વખતે નીચે પ્રમાણેની માહિતી પ્રા.આ.કેન્દ્રો ખાતે રાખવાની રહેશે.

- મેન્યુફેકચર ડેટ
- એક્સપાયરી ડેટ
- બેચ નંબર

(૨.૪) પ્રા.આ. કેન્દ્રના મેડિકલ ઓફિસરશ્રીએ વિટામીન–એની બોટલ પેટા કેન્દ્રને આપતી વખતે બોટલ સાથેની ચમચીની ચકાસણી કરાવી ચમચીમાં ૨ એમ.એલ. અને બે એમ.એલ. ના કાપા છે કે નહિ તે ચકાસવું.

## (૩) વિટામીન–એ આપવા માટે ઉંમર પ્રમાણેનો ડોઝ:

(૩.૧) **૧ થી ૫ વર્ષના બાળકોને** ૨ એમ.એલ. (૨,૦૦,૦૦૦ આઈ.યુ) ચમચી નાં બે એમ.એલ. ના કાપા સુધી વિટામીન–એ નો ડોઝ પીવડાવવાનો રહેશે.

(૩.૨) ફક્ત આરોગ્ય કાર્યકરે (મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર સ્ત્રી/પુરૂષ) જ વિટામીન–એ બાળકોને આપવાનું રહેશે. આંગણવાડી/ આશા ને વિટામીન–એ આપવા માટે બોટલ આપવી નહી.

## (૪) વિટામીન–એ રાઉન્ડ માટેની આ.ઈ.સી:

(૪.૧) ફેબ્રુઆરી–માર્ચ ૨૦૧૮ રાઉન્ડ દરમ્યાન વિટામીન–એ માટે આરોગ્ય શિક્ષણની કામગીરીનુ દરેક લેવલ થી આયોજન કરવાનુ રહેશે.

(૪.૨) ગ્રામ્ય વિસ્તારોમાં આંગણવાડી કેન્દ્રો(સબ સેન્ટરો) પર વિટામેન–એ ફેબ્રુઆરી–માર્ચ ૨૦૧૮ રાઉન્ડને લગતા મુખ્ય સંદેશા ભીંત લખાણો દ્વારા દર્શાવી શકાય. આંગણવાડી કેન્દ્રો અને પેટા કેન્દ્રો પર IEC માટે જિલ્લામાં ઉપલબ્ધ IEC બજેટ પણ વાપરી શકે છે. રેલી, લઘુ શિબિર, બેનર, પોસ્ટર, નિબંધ સ્પર્ધા, દ્વારા આ.ઈ.સી. કરી શકાય.

(૪.૩) પ્રોગ્રામ બાબતે લોક જાગૃતિ ફેલાવાના હેતુથી જો વિટામીન–એ ફેબ્રુઆરી–માર્ચ ૨૦૧૮ રાઉન્ડનુ ઉદઘાટન તે વિસ્તારના કોઇ રાજકીય પ્રતિનિધિ લોક પ્રિય વ્યક્તિ દ્વારા કરવાનું રહેશે.

## (૫) વિટામીન–એ તાલીમ:

(૫.૧) જિલ્લાકક્ષાએ અને કોર્પોરેશન વિસ્તારમા વિટામીન–એ માટેનો વર્કશોપ NIPI ના વર્કશોપ જોડે કરવાનો રહેશે. જે માટે નો ખર્ચ બજેટ લાઈન A 2.11.1 માં કરવાનો રહેશે.

## (૬) વિટામીન–એ જાળવણી માટે નીચે મુજબની તકેદારી રાખો.

(૬.૧) જયારે વિટામીન–એની બોટલ ખોલવાની થાય તે સમયે બોટલના ખોખાની ઉપર અને બોટલની ઉપર બોટલ ખોલવાની તારીખ અચૂક લખવાની રહેશે.

(૬.૨) બોટલ ખોલ્યા પછી ૬ થી ૮ અઠવાડિયા સુધી વિટામીન–એ વાપરી શકાશે અને બોટલ ખોલ્યાથી ૮ અઠવાડિયા પછી જે તે બોટલનું વિટામીન–એ વાપરવું નહી.

(૬.૩) તમામ ખાલી બોટલ મેડિકલ ઓફિસરશ્રી પ્રા.આ.કેન્દ્ર/સા.આ.કેન્દ્ર પાસે જમા કરાવવાની રહેશે. અને ખાલી બોટલ બીજા કોઈ કામમાં લેવી નહી.

(૬.૪) વિટામીન–એની બોટલને બાળકોની પહોચની બહાર ઉંદર, ખીશકોલી, જેવા પ્રાણી થી દુર રાખો, તડકાથી દૂર, ઠંડકમાં રાખો. (પણ ફ્રિજમાં રાખવી નહી.)

(૬.૫) વિટામીન–એ ના ૨ ડોઝ વચ્ચે ઓછામાં ઓછા ૪ માસનો સમયગાળો રાખવાનો છે. વિટામીન–એ ના ઓરી સાથેના પ્રથમ ડોઝ આપ્યા પછી આ રાઉન્ડ દરમ્યાન ૪ માસનો સમયગાળો પૂર્ણ થયો હોય તો જ વિટામીન–એ નો બીજો ડોઝ આપવાનો રહેશે. જો બાળકના પ્રથમ ડોઝ અને બીજા ડોઝ વચ્ચેનો સમયગાળો ૪ માસથી ઓછો હોય તો તે બાળકને વિટામીન–એ નો ડોઝ પીવડાવવાનો રહેશે નહી.

(૬.૬) દરેક વિટામીન–એ રાઉન્ડ દરમ્યાન ૧ થી ૫ વર્ષના તમામ બાળકોને ફકત એક જ વાર વિટામીન–એ આપવાનું રહેશે.

## (૭) વિટામીન–એ રાઉન્ડનું રેકોર્ડીંગ અને રીપોર્ટીંગ :

(૭.૧) વિટામીન–એ ડોઝ આપ્યા પછી રસીકરણ કાર્ડ / મમતાકાર્ડ / રજીસ્ટર માં એન્ટ્રી કરવાની રહેશે.

(૭.૨) રાજ્યકક્ષાએ વિટામીન–એ (ફેબ્રુઆરી–માર્ચ ૨૦૧૮) રાઉન્ડનુ વિકલી મોનીટરીંગ કરવાનુ હોઇ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, તમામ /મેડીકલ ઓફિસરશ્રી ઓફ હેલ્થ, મ્યુનિ.કોર્પોરેશન તમામે જિલ્લા કક્ષાએથી રાજ્યકક્ષાએ (સ્ટેટ ન્યુટ્રીશન સેલ)ના ઈ–મેલ આઈ.ડી snc.gujaratmis@gmail.com ઉપર દર શુક્રવાર સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં અઠવાડીયા દરમ્યાન કરેલ કામગીરીનો રીપોર્ટ નવા નિયત કરેલ ફોર્મેટમાં મોકલી આપવાનો રહેશે.

(૭.૩) કોર્પોરેશન વિસ્તારમાં ફેબ્રુઆરી–માર્ચ ૨૦૧૮ રાઉન્ડની જવાબદારી કોર્પોરેશનના મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ (MOH) અને કોર્પોરેશન પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર (CPC)ની રહેશે. તેઓએ થયેલ કામગ્રીરીનો રીપોર્ટ અત્રેની કચેરીને કરવાનો રહેશે.